કેસ દાખલ તારીખ : ૧૩-૦૫ -૨૦૨૬
કેસ ફેસલ તારીખ : ૦૧-૦૬ -૨૦૨૬
સમયગાળો : દિવસ માસ વર્ષ
કુલ ૧૯ - -

**<u>દાહોદના મહે. સેશન્સ જજ(શ્રી એચ.જી. વાધેલા) સાહેબની કોર્ટમા</u>**

મુ. દાહોદ

ક્રિ.પ.અરજી નં.૪૪૧/૨૦૨૬
આંક : ૬

**<u>અરજદાર:</u>** દીવાનભાઇ ઈસ્માઈલભાઇ હઠીલા
રહે. પારેવા, હઠીલા ફળીયા,
તા.ગુરૂગોવિંદ લીમડી, જી. દાહોદ

**<u>વિરૂધ્ધ</u>**

**<u>સામાવાળા</u>** : શ્રી સરકાર

**<u>બાબત</u>** : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એસ.ભુરીયા
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એ.કે.પરીખ

---

## :: ચુકા દો ::

(૧) અરજદાર/આરોપીની અરજીની વિગત એવી છે કે, આ કામના આરોપીની લીમડી પો.સ્ટે. સી પાર્ટ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૩૩૨૬૦૪૯૩ /૨૬ પ્રોહી.એકટની કલમ ૬૫(ઈ), ૯૮(૨), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના કામે તા.૦૯-૦૫-૨૦૨૬ ના રોજ ધરપકડ કરી ઝાલોદ ના વિ. એડી.ચીફ જયુ.મેજી.ની કોર્ટમા રજુ કરતા તેની જામીન અરજી નામંજુર કરી તેને જયુડીશીયલ કસ્ટડીમા મોકલી આપેલ હોઇ હાલની આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ મુજબ જામીન મુકત થવા માટે દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપી સામેના ગુનાની ટુંકમા વિગત એવી છે કે, ફરીયાદમા જણાવેલ તારીખ,ટાઇમ અને જગ્યાએ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામા પોતાના કબજાની જયુપીટર નં. જી.જે. ૨૦.બીપી. ૧૬૦૬મા પ્રોહી. પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ ૨૧૬-કિંમત રૂા.૪૪,૫૯૨/-ના મુદામાલની હેરાફેરી કરતા પોલીસ જોઇ નાસી જઇ ગુનો કર્યો છે.

(૩) અરજીની નોટીસ બજતાં સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એ.કે.પરીખ હાજર થયેલા છે તેઓએ જામીન અરજીના વિરોધમા ત.ક.અમલદારનુ સોગંદનામુ રજુ રાખેલ છે.

(૪) અરજદાર/આરોપી તરફે દલીલ કરતા વિ.વ.શ્રી. એસ.એસ.ભુરીયાએ પોતાની દલીલમા જણાવેલ છે કે, આ ગુનામા આરોપી તદન નિદોર્ષ છે. બીનવારસી મુદામાલ આરોપીના માથે પાડી ખોટી રીતે આ ગુનામા સંડોવેલ છે. આરોપી સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા વિ. જયુ.મેજી.ફ.ક. કોર્ટને છે, આ ગુનામા આજીવન કેદ કે દેહાંત દંડની સજાની જોગવાઇ નથી. આરોપી દાહોદ જીલ્લાનાનો કાયમી રહેવાસી છે અને નાસી ભાગી જાય તેમ નથી. આરોપી સામેનો કેસ નજીકના ભવિષ્યમા પુરો થાય

તેમ નથી. આરોપી તેના કુટુંબમા એકમાત્ર કમાનાર ઈસમ છે. આરોપી ના. કોર્ટ ફરમાવી તેટલી રકમના જામીન આપવા તથા શરતો પાળવા તૈયાર હોઇ તેમને જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

(૫) જયારે સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો વિરોધ કરતા એવી દલીલ કરેલ છે કે,આ ગુનાના આરોપીએ પ્રોહીબીશન પ્રતિબંધક એરીયામા વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાવાળા વાહનમા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ-૨૧૬-કિંમત રૂા.૭૪,૫૯૨/-ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરતા હતા ત્યારે પોલીસને જોઇ નાસી જઇ ગુનો કર્યો છે. આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોઇ આરોપીને જામીન મુકત કરવામા આવશે તો આવી પ્રવૃત્તિ કરતા ઇસમોને પ્રોત્સાહન મળી રહે તેમ છે. આ ગુનાની તપાસ હજુ ચાલુ છે. આરોપી તેની સામેના કેસની કાર્યવાહીમા નિયમીત હાજર રહેશે નહી. તેઓએ ત.ક.અમલદારના સોગંદનામા ઉપર આધાર રાખી હાલની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૬) અરજદાર/આરોપીની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ, આરોપીના વિ.વ.શ્રીની દલીલો, સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો તથા ત.ક.અમલદારનુ સોગંદનામુ વંચાણે લીધુ. હાલના બનાવમા કુલ રૂા. રૂા.૭૪,૫૯૨/ની કિંમતનો પ્રતિબંધીત ઇંગ્લીશ દારૂ કબજે લેવામા આવેલ છે. આ કામે પ્રતિબંધીત પ્રોહીબીશનનો તમામ મુદ્દામાલ કબજે લઇ લેવામા આવેલ છે. આરોપી સામેના ગુનાની ન્યાયીક કાર્યવાહી ચલાવવાની સત્તા વિ. જયુ.મેજી.ફ.ક. કોર્ટને રહેલી છે. આ ગુનામા આજીવન કેદ કે મોતની સજાની જોગવાઇ નથી. આરોપી દાહોદ જીલ્લાનો કાયમી રહીશ હોઇ કેસની કાર્યવાહી સમયે તેની હાજરી મળી રહે તેમ જણાઇ આવે છે. આમ હાલના કામે ગુનાનુ સ્વરૂપ, આરોપીનો રોલ, સજાની જોગવાઇ વિગેરે મુદ્દાઓ ધ્યાને લેતા ના. સર્વોચ્ચ અદાલતે **AIR 1984 (SC) 372 "Bhagirathsinh Jadeja Vs. State of Gujarat"** તથા **(2012) 1 SCC 40 "Sanjy Chandra Vs. CBI"** તથા **Special Leave to Appeal (Cri.) 5191 of**

**2021 "Satender Kumar Antil Vs. CBI & Ors."** ના ચુકાદાઓમા જામીન અંગેના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં સદર કામે અરજદાર/આરોપીની તરફેણમાં બી.એન. એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનુ વ્યાજબી અને ન્યાયોચિત જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમા હાલની જામીન અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:: **<u>હુ ક મ</u>** :

(૧) હાલની જામીન અરજી આથી **મંજુર** કરવામા આવે છે.

(૨) આ કામના આરોપીએ **રૂા. ૧૦,૦૦૦/-**(અંકે રૂપીયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા વિ. નીચેની અદાલત સમક્ષ રજુ કરેથી તેઓને લીમડી પો.સ્ટે. સી પાર્ટ ગુના રજી. નં. ૧૧૮૨૧૦૩૩૨૬૦૪૯૩ /૨૬ પ્રોહી.એકટની કલમ ૬૫(ઈ), ૯૮(૨), ૮૧, ૧૧૬(બી) મુજબના ગુનાના કામે નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**<u>શ ર તો :-</u>**

(૧) આરોપીએ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૨) આરોપીએ ફરીયાદી, સાહેદોને ધાક ધમકી આપવી નહી કે ફરીયાદપક્ષના પુરાવાને તોડવા,ફોડવા નહી કે ચેડા કરવા નહી.

(૩) આરોપીએ તેમની સામેના કેસની કાર્યવાહીમા દર મુદતે નિયમીત હાજર રહેવુ.

(૪) જો આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો સબંધીત કોર્ટ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ના ધરાવતા હોય તો તે હકીકત સોગંદ ઉપર જાહેર કરવી.

(૫) આરોપીએ તથા તેના જામીનદારે જામીન આપતી વખતે પોતાના રહેઠાંણનુ પાકુ અને કાયમી સરનામુ(આધાર પુરાવા તથા ટેલીફોન

નંબર સહિત તથા તાજેતરના ફોટોગ્રાફ સહિતનુ) પુરુ પાડવુ અને તેમા કોઇ ફેરફાર થાય તો સબંધીત કોર્ટને તથા સબંધીત પોલીસ સ્ટેશનને તાત્કાલીક જાણ કરવી.

આ હુકમની એક યાદી સબંધીત પોલીસ સ્ટેશને તથા નીચેની કોર્ટને મોકલી આપવી.

અરજદાર/આરોપીને આપવા માટે આ હુકમની પી.ડી.એફ. સબંધીત જેલ અધિકારીને મોકલી આપવી.

હુકમ આજ તા.૦૧લી માહે જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૧-૦૬ -૨૦૨૬

**(હરીશચંન્દ્રસિંહ ગુલાબસિંહ વાઘેલા)**
સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં. જી.જે.૦૦૫૯૦

***//C.H.B.//***